જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૨/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-

## અમેરીકા ખાતેથી કોલ સેન્ટરના નાણાં પ્રોસેસીંગ કરી આપનાર બે ઇસમોને પકડી પાડતી સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર.

તાજેતરમાં અમદાવાદ શહેર વસ્ત્રાપુર વિસ્તારમાંથી ગેરકાયદેસર કોલ સેન્ટર કૌભાંડનો પર્દાફાશ થયેલ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર ચાલતા કોલ સેન્ટરોમાં સંડોવાયેલ તમામ ઇસમોને પકડી પાડવા સારૂ સુચના કરેલ હોય સંયુકત પોલીસ કમિશનરશ્રી જે.કે.ભટ્ટ, ક્રાઇમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશનર ડો.રાજદિપસિંહ ઝાલા નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સપેકટર જે.એસ.ગેડમ, સાયબર સેલ તથા પો.સ.ઇ. જે.એમ.જાડેજા તથા ટીમના માણસોએ કોલ સેન્ટરના ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડવા સારુ ઉંડાણ પુર્વક તપાસ કરતાં કોલ સેન્ટરમાં નાણાંની પ્રોસેસીંગ કરી આપનાર (૧) પ્રહર પ્રજ્ઞેશકુમાર પરીખ ઉ.વ.૨૪ ધંધો. ટ્રાવેલ ટુરીઝમ, રહેવાસી. ૪૨ વનદેવી બંગ્લોઝ, સ્મૃતી મંદીર નજીક, ઘોડાસર, અમદાવાદ શહેર તથા (૨) અનુજ મયુર વીઠલાણી ઉ.વ. ૨૩ ધંધોઃ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, રહેવાસીઃ- ૧૮, વર્ધમાનનગર સોસાયટી, દાદા સાહેબના પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ શહેરનાઓને આ ગુનાના કામે તાઃ ૧૦/૧૨/૨૦૧૬ ના રોજ અટક કરવામાં આવેલ છે.

સદરી આરોપીઓની પુછપરછ દરમ્યાન આરોપીઓ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સનો ધંધો નવરંગપુરા ખાતેથી કરતા હોય સને -૨૦૧૫ ની અંદર તેઓના ટુરીજમના ગ્રાહક પ્રણવ શાહ રહેવાસી. શાહપુર બાય સેન્ટર, અમદાવાદ શહેર હાલ રહેવાસી. શિકાગો, અમેરિકા નાઓ સાથે વાત થયેલ કોલ સેન્ટર વાળાઓ પાસેથી ટારગેટ ગીફ્ટ કાર્ડ ના કાર્ડ નંબર અને પીન નંબર મેળવી મોકલી આપવાની વાત કરેલ જેમાં સારૂ એવુ કમીશન મળશે. જેથી બંન્ને આરોપીઓ ટુર એન્ડ ટ્રાવેલ્સના કામમાં વર્ષોથી કામ કરતા હોય તેઓના ગ્રાહક દિપક આશુદાની તથા મૌલીક ત્રિવેદી સાથે મુલાકાત થયેલ અને આ બંન્ને જણા કોલ સેન્ટરને લગતુ પ્રોસેસીંગનું કામ કરતા હોય તેઓ પાસેથી ટારગેટ ગીફ્ટ કાર્ડ ના કાર્ડ નંબર મેળવી આરોપીઓના અમેરીકા ખાતેના ઓળખીતાઓ પાસેથી એકબીજાની ઓટ્સએપ મારફતે ઓળખાણ કરાવી વોટ્સએપ મારફતે નાણાંની કેવી રીતે પ્રોસેસીગ કરાવવી તેની ટ્રેનીગ આપી અમેરીકા ખાતે રહેતા પ્રણવ શાહના ૮ ટકા આરોપીઓના ૩ ટકા નાણાં મેળવવાનું નક્કી કરી ચાલુ સાલના જુન માસથી કામ ચાલુ કરેલ હતુ. આ આધારે દિપક આશુદાણી તથા મૌલીક ત્રિવેદી નાઓ કોલ સેન્ટરોમાંથી ટારગેટ ગીફ્ટ કાર્ડની અંદર ૧૫ આંકડા આવે અને પીન નંબર ૮ ડીજીટનો આવતો તેનો ફોટો પાડી વોટસએપ ગ્રુપની અંદર મુકી આગળની પ્રોસેસ પ્રણવ શાહે કરી બારકોડ જનરેટ કરી તે અમેરીકા ખાતે રહેતો પ્રણવ શાહ બારકોડ લઈને ટારગેટ ગીફ્ટ કાર્ડના સ્ટોર હોય ત્યાં જઈ આઈટયુન્સની ખરીદી કરી તે આઈટ્યુન્સના કાર્ડને સ્ક્રેચ કરી નંબર દેખાય તે રીતે ફોટાઓ વોટસએપ માં મોકલી આપતો તે ફોટાઓ આધારે દિપક તથા મૌલીક આઈટ્યુન્સના નંબર આગળની પ્રોસેસ ચાઈનાના કોઈ માણસ મારફતે કરાવી નાણાં બેંક મારફતે મેળવી લઈ ગુનો આચરતા હતા.

પકડાયેલ આરોપીઓએ નાણા પ્રોસેસનુ કામ ગેર કાયદેસર કરેલ હોય જેમાં આજદીન સુધી તેઓને ત્રણ ટકા લેખેલ કુલ્લે રૂ.૧૫ લાખ જેટલા મળેલ છે. આ ઉપરાંત પ્રણવ શાહ સાથે ટકાવારીમાં ફાવટ ન આવતાં ટારગેટ ગીફ્ટ કાર્ડ અને આઈટ્યુન્સ ની પ્રોસેસ આરોપીઓના અમેરીકા ખાતે રહેતા ઓળખીતા સ્મીતા રાની મારફતે કરાવતા હતા



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)